# **વર્તમાન લોકરધારક ગ્રાહકો પાસેથી લેવાનો કવરીંગ લેટર**

**સ્થળ :**
**તારીખ :**

**પ્રતિ,**
**પ્રબંધકશ્રી,**
**શ્રી તળાજા નાગરિક સહકારી બેન્ક લિ.**
**.................................. શાખા**

**મે. સાહેબ,**

**વિષય :** સેફ ડીપોઝીટ લોકર નં.
........................................................................................ .

(૧) મારા / અમારા દ્વારા કરવામાં આવેલ તા. .......................... ના કરાર (''અગાઉના કરાર'') મુજબ, આપના દ્વારા મને / અમને ઉપરોકત સુવિધા આપવામાં આવેલી છે.
(ર) આ બારામાં (બેન્કો દ્વારા સેફ ડીપોઝીટ લોકર / સેફ કસ્ટડી આર્ટીકલ્સ સુવિધા, સુધારેલી સૂચનાઓ, સમયાંતરે સુધારેલી, સંશોધિત, પ્રતિસ્થાપિત અને / અથવા પરિપૂર્તિત કરવામાં આવ્યા મુજબ શિર્ષક હેઠળ ભારતીય રીઝર્વ બેન્ક દ્વારા બહાર પાડવામાં આવેલ તા. ૧૮ ઓગષ્ટ, ૨૦૨૧ ના પરિપત્ર ક્રમાંક RBI/2021-2022/86DOR.LEG.REC/40/09.07. 005/2021-22 હેઠળ આવશ્યક) અગાઉના કરારના અવેજી અને / અથવા પ્રતિસ્થાપન (Replacement) રૂપે મારા / અમારા દ્વારા હસ્તાક્ષર કરવામાં આવેલ નવો સેફડીપોઝીટ લોકર કરાર (''નવો કરાર'') આ સાથે આપને રજુ કરીએ છીએ.
(૩) હું / અમે આ બાબતે સ્પષ્ટપણે સમજીએ છીએ, સ્વીકારીએ છીએ અને સહમત છીએ કે હવેથી નવા કરારમાં જણાવવામાં આવ્યા મુજબ નિયમો અને શરતો ઉપરોકત સુવિધાને લાગુ પડશે અને નવા કરારના અમલની તારીખથી નવો કરાર સમગ્રપણે જૂના કરાર પર પ્રભાવી થશે.

આપનો / આપના વિશ્વાસુ,

| | ૧ | ૨ | ૩ |
|---|---|---|---|
| સહી | | | |
| નામ | | | |
| હોદ્દો / ક્ષમતા* | | | |

( * જયા ગ્રાહક બિન–વ્યકિતગત / સહી નહી કરનાર વ્યકિત હોય તેવા કિસ્સામાં)
(ગ્રાહક)

**બીડાણ :** ઉપર મુજબ નવો કરાર

# શ્રી તળાજા નાગરીક સહકારી બેન્ક લિ. – તળાજા

## સેફ ડીપોઝીટ લોકર કરાર

આ સાથેની અનુસૂચિમાં જણાવ્યા મુજબના સ્થળે અને તારીખે બેન્ક અને તેના ગ્રાહક વચ્ચે આ લોકરધારક (કરાર) કરવામાં આવેલ છે. "બેન્ક" શબ્દમાં તેના ઉત્તરાધિકારીઓ, પ્રશાસકો અને પ્રબંધકર્તાઓ (Asigns) નો સમાવેશ થશે અને "ગ્રાહક" શબ્દમાં સમાવેશ થશે, જયા ગ્રાહક

(૧) એક અથવા એકથી વધારે વ્યકિતઓ, તેના / તેણીના / તેઓના વારસ(સો), પ્રવર્તક(કો), [Executor(s)], પ્રશાસક(કો) અને કાનૂની પ્રતિનીધિ(ઓ) હોય;

(૨) પ્રોપરાઈટરશીપ પેઢી, પ્રોપરાઈટર અને તેના / તેણીના વારસ(સો), પ્રવર્તક(કો), પ્રશાસક (કો) અને કાનૂની પ્રતિનીધિ(ઓ) હોય;

(૩) ભાગીદારી પેઢી, આવી પેઢી અને તેઓ પૈકી દરેકના ઉત્તરાધિકારી, આવી પેઢી અને તેના ભાગીદારો, ઉત્તરજીવી અથવા તેઓ પૈકીના ઉત્તરજીવીઓ અને વારસ (સો), પ્રવર્તક(કો), પ્રશાસક(કો), અને કાનૂની પ્રતિનીધિ(ઓ) હોય;

(૪) હિન્દુ અવિભકત કુટુંબ (HUF), તેના સભ્યો અને તેઓના ઉત્તરજીવી(ઓ), કાનૂની વારસ (સો), પ્રવર્તક(કો), પ્રશાસક (કો) અને કાનૂની પ્રતિનીધિ (ઓ) હોય; તથા

(૫) લીમીટેડ કંપની, તેના ઉત્તરાધિકારીઓ હોય ;

(બેન્ક અને ગ્રાહક દરેકનો સંદર્ભ "પક્ષકાર" અને સામુહિક રીતે "પક્ષકારો" તરીકે કરવામાં આવેલ છે.)

આથી;

(૧) સેફ ડીપોઝીટ લોકર સુવિધાનો લાભ લેવાની ઈચ્છા ધરાવતા ગ્રાહકે આવી સુવિધા મેળવવા માટે બેન્કનો સંપર્ક કર્યો છે.

(૨)કેટલાક નિયમો અને શરતોને આધિન રહીને સેફ ડીપોઝીટ લોકર સુવિધા ગ્રાહકને પુરી પાડવા માટે બેન્ક સહમત છે, અને

(૩) આ બારામાં પક્ષકારોએ તેઓની વચ્ચે સમજુતી ઘડી કાઢવા માટે આ કરવાનું નકકી કર્યુ છે.

પક્ષકારો દ્વારા અને પક્ષકારો વચ્ચે નીચે મુજબ સહમતિ થયેલ છે.

**(૧) લોકર લાયસન્સ :–**

[૧.૧] બેન્ક, લાયસન્સર તરીકે, આથી ગ્રાહકને લાયસન્સી તરીકે, સેફ ડીપોઝીટ લોકરનો ઉપયોગ કરવાનું લાયસન્સ આપે છે, જેની વિગતો આ કરાર (હવે પછી અહી 'લોકર' તરીકે ઉલ્લેખ કરવમાં આવેલ છે) સાથે સંલગ્ન અનુસૂચિમાં વધુ સ્પષ્ટ પણે દર્શાવવામાં આવેલી છે તે અને આ કરાર હેઠળ નકકી કરવામાં આવ્યા મુજબ નિયમો અને શરતોને આધીન રહીને સેફ ડીપોઝીટ લોકરનો ઉપયોગ કરવાનું લાયસન્સ આપે છે.

[૧.૨] આથી, ગ્રાહક ભાડા રૂપે ("ભાડુ") અનુસૂચિમાં નિર્ધારીત કરવામાં આવ્યા મુજબની ફી માટે ગ્રાહક આથી લાયસન્સનો સ્વીકાર કરે છે.

[૧.૩] આથી લોકરનો ઉપયોગ કરવા માટે આપવામાં આવેલ લાયસન્સ,

[૧.૩.૧] અંગત અને ગ્રાહકના પોતાના ઉપયોગ માટે છે અને ગ્રાહક સિવાય અન્ય કોઈ વ્યકિત દ્વારા ઉપયોગ માટે નથી.

[૧.૩.૨] બિન–હસ્તાંતરણપાત્ર (Non-Tranferable) છે.

[૧.૩.૩] ફકત ઘરેણા અને દસ્તાવેજો જેવી મૂલ્યાંકન વસ્તુઓ મૂકવા જેવા ઉચીત હેતુઓ માટે જ છે પરંતુ કોઈપણ રોકડ અથવા કરન્સી મૂકવા માટે નથી;

[૧.૩.૪] નિમ્નલિખીત વસ્તુઓ રાખવા માટે નથી;

[એ] હથિયારો, શસ્ત્રો, વિસ્ફોટકો, નશીલી દવાઓ અને / અથવા કોઈપણ પ્રતિબંધિત સામગ્રી, અને / અથવા

[બી] કોઈપણ નાશવંત સામગ્રી અને / અથવા કિરણોત્સર્ગી સામગ્રી અને / અથવા કોઈપણ ગેરકાનૂની પદાર્થ અને / અથવા

[સી] કોઈપણ સામગ્રી જે બેન્કને અથવા તેના ગ્રાહકો પૈકી કોઈપણ ગ્રાહકને કોઈપણ પ્રકારનો ખતરો અથવા ત્રાસ ઉભો કરી શકે તે

[૧.૪] ગ્રાહકને આ કરાર હેઠળ નિર્ધારીત કરવામાં આવેલ નિયમો અને શરતોને અનુરૂપ લોકર સુધી પહોંચ (Access) અને ઉપયોગ કરવાના અધિકાર સિવાય અન્ય કોઈ અધિકાર અથવા મિલ્કત નહી હોય.

[૧.૫] ગ્રાહકને નિમ્નલિખીત રીતે લોકરનું પરિચાલન કરવા દેવામાં આવશે.

[૧.૫.૧] બેન્કના કામકાજના દિવસે, લોકર ઓપરેશન માટે બેન્ક દ્વારા સમયાંતરે અધિસૂચીત કરવામાં આવતા નિયત સમય દરમ્યાન અને આવી અધિસૂચનાની ગેરહાજરીમાં, બેન્કના કારોબારના કલાકો દરમ્યાન, જો કે, પૂર, હુલ્લડ, સંચારબંધી, લોકઆઉટ વગેરે જેવા બેન્કના નિયંત્રણ બહારના કોઈપણ કારણ માટે બેન્ક પરિચાલન કરવા દેવાને સક્ષમ ન હોય તેવા સંજોગોમાં, લોકરનું પરિચાલન કરવા દેવાની બેન્કની કોઈ જવાબદારી રહેશે નહી.

[૧.૫.૨] બેન્ક દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ હોય તે મુજબ ફોર્મમાં અને તે રીતે બેન્કના રેકોર્ડમાં ગ્રાહકે પરિચાલનની વિગતો લાવ્યા બાદ, અને

[૧.૫.૩] જો બેન્ક દ્વારા માંગવામા આવે તો ગ્રાહક તેની ઓળખનો પુરાવો આપે તે પછી.

## ૨. ગ્રાહકની બાહેંધરીઓ (Undertakings) અને જવાબદારીઓ :–

[૨.૧] ગ્રાહક :–

[૨.૧.૧] લોકર જે હેતુ માટે આપવામાં આવ્યું હશે તે હેતુ માટે જ લોકરનો ઉપયોગ કરશે અને લાગુ પડતા કાનૂનો અને નિયંત્રણો અનુસાર લોકરનો ઉપયોગ કરશે;

[૨.૧.૨] બેન્ક સમયાંતરે અપનાવે તે મુજબ લોકર પરિચાલનના નિયમો અને નિયંત્રણોનું પાલન કરશે;

[૨.૧.૩] લોકર ખોલવા માટે બેન્ક દ્વારા આપવામાં આવેલ ચાવી, પાસવર્ડ અથવા અન્ય કોઈપણ ઓળખ યંત્ર રચનાને સલામત સ્થળે રાખશે અને અન્ય કોઈ વ્યકિતને અપાશે નહી તથા લોકરના અનધિકૃત ઉપયોગથી બચવા માટે તેને અન્ય કોઈ વ્યકિતના હાથમાં જવા દેશે નહી.

[૨.૧.૪] બેન્ક દ્વારા આપવામાં આવેલ ચાવી, પાસવર્ડ અથવા અન્ય કોઈપણ ઓળખ યંત્ર રચનાના ઉપયોગ વડે જ લોકરનું પરિચાલન કરશે, અન્ય કોઈ રીતે પરિચાલન કરશે નહી.

[૨.૧.૫] લોકરના પરિચાલન માટે બેન્ક દ્વારા આપવામાં આવેલ ચાવી અથવા અન્ય કોઈ ઓળખ યંત્ર રચના સાથે છેડછાડ કરશે નહી અથવા તેની નકલ બનાવશે નહી,

[૨.૧.૬] લોકરના પરિચાલન માટે બેન્ક દ્વારા આપવામાં આવેલ ચાવી, પાસવર્ડ અથવા અન્ય કોઈપણ ઓળખ યંત્ર રચના ગુમ થવાની સ્થિતિમાં તત્કાળ બેન્કને જાણ કરશે,

[૨.૧.૭] અગાઉ ગુમ થઈ ગયેલ તરીકે બેન્કને જાણ કરી હોય તે લોકરના પરિચાલન માટે બેન્ક દ્વારા આપવામાં આવેલ ચાવી, પાસવર્ડ અથવા અન્ય કોઈપણ ઓળખ યંત્ર રચના મળી આવવાની સ્થિતિમાં તત્કાળ બેન્કને પરત કરશે,

[૨.૧.૮] જયારે ભાડું લેણુ થાય ત્યાર બેન્કને ચૂકવશે તથા નિમ્નલિખીત સંજોગો માટે બેન્ક દ્વારા કરવામાં આવેલ તમામ ખર્ચ ભોગવશે.

[એ] બેન્ક દ્વારા આપવામાં આવેલી ચાવી ગુમ થઈ જવાની ગ્રાહક દ્વારા જાણ કરવામાં આવે ત્યારે લોકરનું તાળું બદલવું અને સમારકામ કરવું; અને

[બી] આ કરારના નિયમો અનુસાર લોકરને તોડીને ખોલવું.

[૨.૧.૯] ગ્રાહકનું સરનામું બદલાઈ જવાની સ્થિતિમાં તુર્તજ બેન્કને જાણ કરશે અને નવુ સરનામું તથા ફોન નંબર, ઈ–મેઈલ આઈડી, મોબાઈલ નંબર વગેરે સહિત સંપર્કની વિગતો બેન્કને પુરી પાડશે.

**૩. બેન્કના હકકો :–**

[૩.૧] બેન્કને નિમ્નલિખિત હકકો રહેશે :

[૩.૧.૧] લોકરનું ભાડું અને લોકર સંબંધે બેન્ક દ્વારા કરવામાં આવેલ અન્ય કોઈપણ ખર્ચ જયારે લેણા થાય અને ગ્રાહક દ્વારા તે ચુકવવામાં આવે નહી તેવી સ્થિતિમાં તેને ગ્રાહકના ખાતે ઉધારીને વસુલાત કરવી; અને

[૩.૧.૨] લોકર સુધી પહોંચ (Access) આપવાનો ઈન્કાર કરવો.

[એ] લોકરનું લેણૂં રહેલ ભાડુ ચુકવવામાં આવ્યુ ન હોય ત્યારે; અને

[બી] લોકર સુધી પહોંચની માગણી કરતી વખતે બેન્ક દ્વારા માંગવામાં આવે ત્યારે ઓળખનો પુરાવો આપવામાં ગ્રાહક નિષ્ફળ જાય ત્યારે.

[૩.૨] લાયસન્સની સમાપ્તિ (Termination) :

[૩.૨.૧] આ કરારના ગ્રાહક દ્વારા ઉલ્લંઘન અથવા આ કરાર હેઠળ ગ્રાહકના કસુર થવાની સ્થિતિમાં, અને / અથવા બેન્કનો મત એવો હોય કે ગ્રાહક આ કરારના નિયમો અને શરતોનું પાલન કરતો નથી અને / અથવા સહકાર આપતો નથી તેવા સંજોગોમાં,

રજીસ્ટર્ડ પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટ દ્વારા ( અને (૧) જયા ગ્રાહકનું ઈ–મેઈલ આઈડી ઉપલબ્ધ હોય ત્યાં ઈ–મેઈલ દ્વારા, અને (૨) જયા ગ્રાહકનો મોબાઈલ ફોન નંબર ઉપલબ્ધ હોય ત્યાં એસ.એમ.એસ. અને / અથવા વ્હોટ્સઅપ દ્વારા પણ) ૩ માસથી ઓછું નહી તેવી પૂર્વ લેખીત નોટીસ ગ્રાહકને આપ્યા બાદ, આ કરાર અને તેના અંતર્ગત આપવામાં આવેલ લાયસન્સ સમાપ્ત કરી દેવાનો બેન્કને હકક રહેશે. ("ટર્મિનેશન નોટીસ")

[૩.૨.૨] ટર્મિનેશન નોટીસ પ્રાપ્ત થતાં, તુરતજ અને ટર્મિનેશન નોટીસ હેઠળ નિર્ધારીત કરવામાં આવેલ નોટીસની અવધિની સમાપ્તિ પહેલા લાયસન્સ લોકર ખાલી કરીને સુપરત કરી દેશે તથા લોકર ખોલવા માટે બેન્ક દ્વારા આપવમાં આવેલ ચાવીઓ, પાસવર્ડ અને અન્ય કોઈપણ ઓળખ યંત્ર રચના દસ્તાવેજો બેન્કને પરત સોપી દેશે.

[૩.૩] લોકરને તોડીને ખોલવું તથા તેની સામગ્રીનો નિકાલ કરવો :

[૩.૩.૧] નીચેના સંજોગો પૈકી કોઈપણ એક અથવા એકથી વધુ સંજોગોની સ્થિતિમાં, આ કરાર, બેન્કની આંતરિક નીતિ(ઓ) અને કાર્યવિધિ(ઓ) તથા લાગુ પડતા કાનૂનો અને નિયંત્રણો હેઠળની જોગવાઈઓ અનુસાર લોકરને તોડીને ખોલવાનો તથા તેની સામગ્રીનો નિકાલ કરવાનો બેન્કને અધિકાર રહેશે.

[એ] અહીના ખંડ [૩.૨.૧] અનુસાર ગ્રાહકને ટર્મિશન નોટીસ બજાવવામાં આવી હોય અને ટર્મિનેશન નોટિસમાં નિર્ધારીત કરેલી નોટીસની અવધીની સમાપ્તી પછી ગ્રાહક લોકર ખાલી કરીને સુપરત કરે નહી,

[બી] લગાતાર ૩ (ત્રણ) વર્ષ માટે ભાડું ચૂકવવામાં આવે નહી, અને

[સી] (ભાડુ ચુકવવામાં આવેલ હોય કે ના હોય તે ધ્યાને લીધા વગર) લોકર ૭(સાત) વર્ષો અથવા તેથી વધુ અવધિ માટે બિન–પરિચાલીત રહે અને બેન્ક દ્વારા ગ્રાહકનો પતો મેળવી શકાય નહી.

[૩.૩.૨] લોકરને તોડીને ખોલવાના અધિકારનો અમલ કરતા પહેલા, બેન્ક (ઉપરના ખંડ [૩.૨.૧] હેઠળ ટર્મિનેશન નોટીસ ઉપરાંત) ગ્રાહકને રજીસ્ટર્ડ પોસ્ટ / સ્પીડ પોસ્ટ દ્વારા ( અને (૧) જયા ગ્રાહકનું ઈ–મેઈલ આઈડી ઉપલબ્ધ હોય ત્યાં ઇ–મેઈલ દ્વારા, અને(૨) જયા ગ્રાહકનો મોબાઈલ ફોન નંબર

ઉપલબ્ધ હોય ત્યાં એસ.એમ.એસ. અને / અથવા વ્હોટ્સઅપ દ્વારા પણ) લોકરને તોડીને ખોલવાના બેન્કના પ્રસ્તાવિત પગલાની ૩ (ત્રણ) માસથી ઓછું નહીં તેવી લેખીત નોટીસ ("બ્રેક ઓપન નોટીસ") મોકલશે.

[૩.૩.૩] આ કરાર હેઠળ સમાવિષ્ટ કોઈપણ બાબત છતા પણ, લોકરને તોડીને ખોલતા પહેલા ગ્રાહકના મોબાઈલ ફોન પર સંદેશા મોકલીને, ગ્રાહકના સરનામા અંગત સંદેશાવાહકને મોકલીને, ગ્રાહકના લેન્ડલાઈન / મોબાઈલ ફોન પર કોલ કરીને બેન્ક શકય તમામ પ્રયાસો કરશે.

[૩.૩.૪] બેન્ક દ્વારા મોકલવામાં આવેલી ઉપર મુજબની ટર્મિનેશન નોટીસ અને બ્રેકીન ઓપન નોટીસ ગ્રાહકને વિતરણ થયા વગર પાછી ફરે અથવા ઉપર ખંડ [૩.૩.૨] અને [૩.૩.૩] હેઠળ જણાવવામાં આવેલા તમામ વ્યાજબી પ્રયાસો કરવા છતાં પણ ગ્રાહકને શોધી શકાય તેમ ન હોય તેવી સ્થિતિમાં, લોકરને તોડીને ખોલતા પહેલા બેન્ક લોકરને તોડીને ખોલવાના બેન્કના ઈરાદા વિષે, કરારમાં જણાવ્યા મુજબ અથવા બેન્કને ગ્રાહક દ્વારા જાણ કરવામાં આવ્યા મુજબ ગ્રાહકના સરનામા દ્વારા દર્શાવવામાં આવ્યા મુજબ ગ્રાહક જયા રહેતો હોય તે સ્થળે કમસેકમ ૨(બે) અખબારો (એક અંગ્રેજી અને બીજુ સ્થાનિક ભાષામાં) માં ૩(ત્રણ) માસથી ઓછું નહી તેવી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરશે.

[૩.૩.૫] બેન્કના ૨(બે) અધિકારીઓ અને સાક્ષી તરીકે કામ કરનાર ૨(બે) સ્વતંત્ર વ્યકિતઓની બનેલી સમિતિની ઉપસ્થિતિમા લોકરને તોડીને ખોલવાની વિધિ કરવામાં આવશે. (સ્માર્ટ વોલ્ટ્સ સહિત) ઈલેકટ્રોનીકલી ઓપરેટેડ લોકરની બાબતમાં, વરિષ્ઠ અધિકારીને લોકર ખોલવા માટેના "વોલ્ટ એડમિનિસ્ટ્રેટર" પાસવર્ડનો ઉપયોગ કરવા દેવામાં આવશે અને પહોંચ (Access) નો સંપૂર્ણ ઓડીટ ટ્રેઈલ સાચવી રખવામાં આવશે.

[૩.૩.૬] ઉપર જણાવેલી કાર્યવિધિનું પાલન કરીને લોકરને તોડીને ખોલવામાં આવતા, બેન્ક લોકરની સામગ્રીની સૂચિ તૈયાર કરશે અને બેન્કના માન્ય વેલ્યૂઅર દ્વારા સામગ્રીનું મૂલ્યાકન કરાવશે અને લોકરની સામગ્રીને, વિગતવાર સૂચી સાથે સીલબંધ કરવામાં ફાયર–પ્રૂફ સેફમાં છેડછાડ સામે સુરક્ષિત (Tamper-Proof) રીતે રાખશે.

[૩.૩.૭] ઉપરની બાબત ઉપરાંત, લોકરને તોડીને ખોલવાની તથા સૂચિના મૂલ્યાંકનની પ્રક્રિયાનું બેન્ક વીડીયો રેકોર્ડીંગ કરશે અને ભવિષ્યમાં કોઈપણ વિવાદ સમયે અથવા કોર્ટમાં પુરાવા તરીકે રજુ કરવા માટે તેને સલામત અને સુરક્ષિત રાખશે.

[૩.૩.૮] ઉપરાંત, બેન્કએ પણ સુનિશ્ચિત કરશે કે લોકરને તોડીને ખોલવાની વિગતોનું બેન્કની કોર બેન્કીંગ સીસ્ટમ (CBS) માં અથવા સમયાંતરે આર.બી.આઈ. દ્વારા બહાર પાડવામાં આવતા સાયબર સીકયુરીટી ફ્રેમવર્કનું પાલન કરતી અન્ય કોઈપણ કમ્પ્યુટરાઈઝડ સીસ્ટમમાં દસ્તાવેજીકરણ કરવામાુ આવ્યું છે.

[૩.૩.૯] ઉપરના પેરેગ્રાફમાં જણાવ્યા મુજબની રીતે તૈયાર કરવામાં આવેલી સુચિમાં નોંધવામાં આવ્યા મુજબ લોકરની સામગ્રીનો નિકાલ જાહેર હરરાજીમાં વેચાણ દ્વારા કરવામાં આવશે અને વેચાણની ઉપજને સૌપ્રથમ (બાકી ભાડુ, બ્રેકીંગ ઓપન ચાર્જીસ અને અન્ય લેણાઓ સહિત) બેન્કના લેણા પ્રતિ લાગુ કરવામાં આવશે અને શેષ રકમ ગ્રાહકને પરત કરવામાં આવશે અથવા ગ્રાહકના આદેશથી નિકાલ માટે રોકી રાખવામાં આવશે.

[૩.૩.૧૦] જાહેર હરરાજી કરીને લોકરની સામગ્રીનુ વેચાણ કરતા પહેલા, બેન્કના બાકી લેણાની વસુલાત માટે લોકરની સામગ્રીની હરરાજી કરવાના બેન્કના ઈરાદા વિષે, બેન્ક દ્વારા ગ્રાહકને રજીસ્ટર્ડ પોસ્ટ / સ્પીડ દ્વારા ( અને (૧) જયાં ગ્રાહકનું ઈ–મેઈલ આઈડી ઉપલબ્ધ હોય ત્યાં ઈ–મેઈલ દ્વારા, અને(૨) જયાં ગ્રાહકનો મોબાઈલ ફોન નંબર ઉપલબ્ધ હોય ત્યાં એસ.એમ.એસ. અને / અથવા વ્હોટ્સઅપ દ્વારા પણ) ૩ (ત્રણ) માસથી ઓછું નહી તવી નોટીસ પાઠવવામાં આવશે. સદરહું નોટીસ ("ઓકશન નોટીસ") હરરાજીની તારીખ, સમય અને સ્થળ ધરાવતી હશે તથા લોકરની સામગ્રીની સૂચિની નકલ ધરાવતી હશે.

**૪. જવાબદારીઓ અને ઉત્તરાદાયિત્વ માંથી બેન્કની મુક્તિ :–**

[૪.૧] વરસાદ, આગ, પૂર, ભૂકંપ, વીજળી, નાગરિક અશાંતિ, અથવા હુલ્લડ, રમખાણ અથવા યુધ્ધના કારણે અથવા ત્રાસવાદી હુમલા દ્વારા અથવા અન્ય કોઈપણ આવા જ કારણ(ણો) દ્વારા લોકરની સામગ્રીને થયેલા નુકશાન અથવા ખરાબી / વિકૃતી માટે બેન્ક જવાબદાર રહેશે નહી.

[૪.૨] ગ્રાહકની ખાત્રી અથવા બેદરકારી કારણભૂત હોય તેવા કોઈપણ કૃત્યમાંથી ઉદભવતા લોકરની સામગ્રીને કોઈપણ નુકશાન/હાની માટે બેન્ક જવાબદાર રહેશે નહી.

[૪.૩] લોકરને તોડીને ખોલવામાં આવે અને તેની સમાગ્રીનો આ કરારની જોગવાઈ અનુસાર નિકાલ કરવામાં આવે તે સંજોગોમાં (લોકરની સામગ્રીના કોઈપણ નુકશાન અને / અથવા હાની સહિત) ગ્રાહક દ્વારા ભોગવવામાં આવેલ કોઈપણ ખર્ચ, હાની અથવા જવાબદારી માટે બેન્ક જવાબદાર રહેશે નહી અને બેન્ક તેના ઉત્તરદાયિત્વમાંથી મુકત થશે.

[૪.૪] ઉપરોકત બાબતને ધ્યાને લીધા સિવાય લોકર અંગેની બેન્કની જવાબદારી હંમેશા લાગુ પડતા કાનૂનો અને નિયંત્રણો અંતર્ગત પરિસીમાઓ (Limitations) ને આધીન રહેશે.

[૪.૫] લોકરની સામગ્રીને કોઈપણ રીતે બેન્ક દ્વારા વીમાકૃત ગણવામાં આવશે નહી અને કોઈપણ પ્રકારના જોખમ સામે લોકરની સમાગ્રીનો વીમો કરવવાને બેન્કની જવાબદારી રહેશે નહી.

[૪.૬] કાનૂન અને અધિકાર ક્ષેત્ર

આ કરાર ભારતીય કાનૂનને આધીન બનાવવામાં આવેલ છે અને તે માંથી ઉદ્ભવતી સર્વ બાબતો બેન્ક જયા આવેલી હોય તે સ્થળની અદાલતોના અથવા બેન્ક જેના હેઠળ આવતી હોય તે અધિકાર ક્ષેત્રને આધીન રહેશે.

**તારીખ :** / /૨૦

**સ્થળ :**

**સહી ૧ :** ______________________________

**સહી ૨ :** ______________________________

**સહી ૩ :** ______________________________

**સહી ૪ :** ______________________________

| અનુસૂચિ | | | | |
|---|---|---|---|---|
| સ્થળ | | | તારીખ | |

| (૧) આ કરારના પક્ષકારો | | | |
|---|---|---|---|
| ૧ (એ) | બેન્ક | [●] હેઠળ સંસ્થાપિત અને [●]માં પરિચાલન કરતી નીચે જણાવ્યા મુજબ તેની શાખા મારફત પ્રસ્તુત થાય છે. | |
| | શાખા | | |
| ૧ (બી) | ગ્રાહક | નામ અને સરનામું | |
| | | (૧) | |
| | | નામ | |
| | | સરનામુ | |
| | | ઈ–મેઈલ આઈડી | |
| | | ટેલીફોન નંબર | |
| | | મોબાઈલ નંબર | |
| | | (૨) | |
| | | નામ | |
| | | સરનામુ | |
| | | ઈ–મેઈલ આઈડી | |
| | | ટેલીફોન નંબર | |
| | | મોબાઈલ નંબર | |
| | | (૩) | |
| | | નામ | |
| | | સરનામુ | |
| | | ઈ–મેઈલ આઈડી | |
| | | ટેલીફોન નંબર | |
| | | મોબાઈલ નંબર | |
| ૨ | લોકરની વિગતો | લોકરનો નંબર | |
| | | ચાવીનો નંબર | |
| ૩ | પ્રતિવર્ષ લોકરનું ભાડું | રૂા. (આંકડામાં)<br>રૂા. (શબ્દોમાં)<br>(સમયાંતરે સુધારો કરવામાં આવે તે મુજબ)<br>(અગ્રીમ ચુકવવાપાત્ર) | |
| ૪ | લાયસન્સની અવધી | આ કરારની તારીખથી ૧ (એક) વર્ષ જે અહીના નિયમો મુજબ સમાપ્ત કરવામાં આવે નહી ત્યાં સુધી આવા એક વર્ષના અંતે વધુ ૧ (એક) વર્ષ માટે સ્વયં વિસ્તારીત રહેશે. | |
| ૫ | પરિચાલન અધ્યાદેશ | | |
| ૬ | અન્ય કોઈ નિયમ | | |

જેની સક્ષીરૂપે અહી પક્ષકારોએ આ કરાર પર હસ્તાક્ષર પર હસ્તાક્ષર કર્યા છે.

| ગ્રાહક માટે | | | |
|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ |
| સહી | | | |
| નામ | | | |
| હોદ્દો / ક્ષમતા (*) | | | |

(* જયા ગ્રાહક બિન–વ્યકિત / સહી ના કરનાર વ્યકિત હોય તેવા કિસ્સામા)

| બેન્ક માટે (બેન્કનું નામ / શાખાનું નામ) |
|---|
| |

(કરાર તરીકે નો સ્ટેમ્પ)

## સેઈફ ડીપોઝીટ લોકર પૂરક કરાર

બેંક અને તેના ગ્રાહક વચ્ચે આ સાથેની અનુસૂચિમાં જણાવ્યા મુજબ (''કરાર'') ના સ્થળે અને તારીખે આ લોકર કરાર કરવામાં આવેલ છે. ''બેંક'' શબ્દમાં તેના ઉત્તરાધિકારીઓ, પ્રશાસકો અને પ્રબંધકર્તાઓ (એસાઈની) નો સમાવેશ થશે અને ગ્રાહક" શબ્દમાં સમાવેશ થશે, જ્યાં ગ્રાહક

(એ) એક અથવા એકથી વધારે વ્યકિતઓ, તેના/તેણીનાં વારસદાર(ઓ), વહીવટકર્તા (ઓ), પ્રશાસક (કો) અને કાનૂની વારસદાર (રો) હોય;

(બી) ભાગીદારી પેઢી, માલિક અને તેના /તેણીના વારસદારો, વહીવટકર્તા (ઓ), પ્રશાસક (કો) અને કાનૂની પ્રતિનિધી (ઓ) હોય;

(સી) ભાગીદારી પેઢી, આવી પેઢી અને તેના ઉત્તરાધિકારી, આવી પેઢી નાં ભાગીદારો, તે પૈકી નાં ઉત્તરાધિકારી કે ઉત્તરાધિકારીઓ અને વારસદાર (રો), વહીવટકર્તા (ઓ), પ્રશાસક (કો), તેમાંના પ્રત્યેક નાં કાનૂની વારસદારો હોય;

(ડી) હિન્દુ અવિભકત કુટુંબ (એચયુએફ), તેના સભ્યો અને તેમના ઉત્તરાધિકારી(ઓ), કાનૂની વારસ (સો), વહીવટકર્તા (ઓ), પ્રશાસક (કો) અને કાનૂની વારસદાર (રો) હોય ;

(ઇ) લીમીટેડ કંપની, તેના ઉત્તરાધિકારીઓ હોય,

(બેંક અને ગ્રાહક દરેકનો "પક્ષકાર" અને સામુહિક રીતે ''પક્ષકારો'' તરીકે સંદર્ભ કરવામાં આવેલ છે.)

આથી

(એ) સેફ ડીપોઝીટ લોકર સુવિધાનો લાભ લેવાની ઇચ્છા ધરાવતા ગ્રાહકે આવી સુવિધા મેળવવા માટે બેંકનો સંપર્ક કર્યો છે.

(બી) કેટલાક નિયમો અને શરતો ને આધિન રહીને ગ્રાહક ને સેફ ડીપોઝીટ લોકર સુવિધા પુરી પાડવા માટે બેંક સહમત છે, અને

(સી) આ સંબંધમાં પક્ષકારોએ તેમની વચ્ચે સમજૂતી નક્કી કરીને ......................... તારીખે કરાર કર્યો છે (''અગાઉ નો કરાર'')

(ડી) પક્ષકારો હવે અગાઉના કરાર ને પૂરક કરવા માટે ઇચ્છુક છે.

### વધુમાં આ પુરક કરાર દ્વારા પક્ષકારો દ્વારા અને વચ્ચે નીચે મુજબ સહમતિ થયેલ છે.

### 1. નવી કલમ નો ઉમેરો

અગાઉ નાં કરાર માં નીચે મુજબ વંચાતી નવી કલમ ઉમેરવામાં આવશે;

### 1. A ગ્રાહક નાં હક્કો

(એ) આ કરારની શરતોને આધીન, ગ્રાહકને સામાન રાખવા માટે લોકરનો ઉપયોગ કરવાનો અને બેંક દ્વારા આવા સામાન ના રક્ષણ માટે વાજબી સંભાળની અપેક્ષા રાખવાનો અધિકાર રહેશે અને જો બેંક આમ કરવામાં નિષ્ફળ જાય તો, સમય સમય પર લાગુ કાયદા અને નિયમો હેઠળ ઉપલબ્ધ હોય તેવા ઉપાયોનો લાભ મેળવશે.

(બી) બેંક સમય સમય પર લાગુ પડતા કાયદા અને નિયમનો હેઠળ ગ્રાહકના અધિકારોને સ્વીકારે છે.

### 2. અગાઉના કરાર ની કલમ 4.1 માં ફેરફાર

અગાઉના કરાર ની કલમ 4.1 માં ''આગ'' શબ્દ રદ થયેલો ગણાશે અને અગાઉના કરાર ની ઉપરોક્ત કલમ 4.1 હવે નીચે મુજબ વંચાશે.

4.1 વરસાદ, પૂર, ભૂકંપ, વીજળી, નાગરિક અશાંતિ અથવા હુલ્લડ, રમખાણ અથવા યુદ્ધના કારણે અથવા ત્રાસવાદી હુમલા દ્વારા અથવા અન્ય કોઇપણ આવા જ કારણ (ણો) દ્વારા લોકર ની સામગ્રીને થયેલા નુક્શાન અથવા ખરાબી માટે બેંક જવાબદાર રહેશે નહી.

### 3. તેના સંદર્ભમાં અગાઉના કરારમાં સુધારો થયેલ ગણાશે.

### 5. કાનૂન અને અધિકારક્ષેત્ર

આ કરાર ભારતીય કાનૂનને આધીન બનાવવામાં આવેલ છે અને તેમાંથી ઉદભવતી સર્વ બાબતો બેંક જ્યા આવેલી હોય તે સ્થળની અદાલતો ના અથવા બેંક જેના હેઠળ આવતી હોય તે અધિકારક્ષેત્ર ને આધીન રહેશે.

લોકર નં. ..................................

ગ્રાહકની સહી ૧. .......................................................................... ૨. ..........................................................................

૩. .......................................................................... ૪. ..........................................................................

બેન્કનું નામ : શ્રી તળાજા નાગરીક સહકારી બેંક લી. શાખાનું નામ : ..................................................................

અધિકારીની સહી:.....................................હોદ્દો:................................... સિક્કો :